સલામી સવારની..

સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

પત્રો અને વસ્ત્રોના 'સભા'માં ચીરા ઉડે છે,
ને તંત્રના ખર્ચે ખાયકીમાં શીરા ઉડે છે,
ગિરા પર નથી કોઈ સભ્યતાની લગામ -
વિધાનસભામાં આબરૂના ચીરા ઉડે છે!!
(અધ્યક્ષશ્રીની કબૂલાત)

'તથાસ્તુ ભવ'
ગુડા સ્થાપના દિને -
શુભ-સંકલ્પો...
(શ્રી આશિષભાઈ દવેને અભિનંદન)

બેઠા છે બધા -
- સળગતાં લઈને,
પાંગળા પક્ષો...
(ચર્ચા, ચિંતાની ચિત્તા પર)

હાઈકુ

ચિંતન

કાલ દંડ ગહિ કાહુ ન મારા, હરઈ ધર્મ બલ બુદ્ધિ બિચારા.

ઉપરોક્ત ચોપાઈ લંકાકાડમાંથી લેવાઈ છે.

કાળ લાકડી લઈને કોઈને મારતો નથી, પણ સમય આવે ધર્મ, બળ, બુદ્ધિ અને વિચારને હરી લે છે. (એવું મંદોદરી કહે છે.)

જેમ ભગવાન તમે માળા કરતા હો અને હાજર થઈ કદી એમ કહેતા નથી કે 'માગ - માગ તને જોઈએ તે આપું ' - પણ તમારાં કાર્યો નિર્વિઘ્ને થયા કરે આનંદ-ઉત્સાહથી તમારા ઘરમાં ૨૪ કલાક હાજરી હોય કુટુંબમાં-સંબંધોમાં પ્રેમભાવ હોય એ જ ઈશ્વરની હાજરી-કૃપા છે.

એવી જ રીતે કાલ-સમય-પાપ કર્મો યમરાજ-કાળદેવતા પણ કંઈ ચાબૂક દઈને આપણને સજા કરવા આવતા નથી. પણ આપણી વિચારશક્તિ - બુદ્ધિની દિશા બદલાવી નાખે છે. ખરાબ અને ખોટા વિચારથી માણસ પાપકર્મો કરવા લાગે છે અને પછી તેના પરિણામ પણ ભોગવવાં પડે છે.

રાવણ જ્ઞાની હતો પણ એની બુદ્ધિ બગડી સીતાનું હરણ કરી આવ્યો - પરિણામે કુળનો વિનાશ થયો.

સુવિચાર

- માણસ હોંશિયાર છે કે નહીં તે એણે આપેલા જવાબ પરથી આપણે કહી શકીએ, પણ માણસ શાણો છે કે કેમ તે એના સવાલ પરથી કરી શકીએ - **માનસસૂત્ર**
- આ દુનિયામાં ભગવાનને યાદ કરવા વાળા કરતા સારા કર્મ કરવાવાળા વધારે સુખી છે - **પૂજ્ય મોટા**
- 'પ્રસિદ્ધિ' એ આપણા વિરતાપૂર્વક કરેલાં કાર્યોની સોડમ છે - **વજુ કોટક**
- અંધારું જ જયાં આપણું હોય, ત્યાં પારકાનું અજવાળું કામ ના આવે - **વિચાર વૈભવ**
- કોઈ પણ પ્રકારના પહેલ કરનારે બીજાની દૃષ્ટિમાં મૂર્ખ બનવા તૈયાર રહેવું જોઈએ - **અમૃત બિંદુ**
- પરમાત્મામાં લીન બન્યા વિના આપણા દોષોને વિલીન કરવામાં આપણને સફળતા મળે એવી કોઈ જ શક્યતા નથી - **ઓશો**
- આજનું ઔષધ : તુલસીના પાનને મોળા દહીંમાં મિક્સ કરી ખાવાથી એસિડીટીમાં રાહત થાય છે

(સંકલન : દિપક વી. આસરા)

બોધકથા

'માણસ માત્ર ભૂલને પાત્ર' આપણે કંઈ ભગવાન નથી કે ભૂલ ન થાય, પણ ભૂલ થયા પછી સાચા હૃદયનું પ્રાયશ્ચિત જ એ પાપી ભૂલને 'પુણ્ય' બનાવી દે છે :

રવિશંકર મહારાજે ગુજરાતના ચોર-લુંટારૂઓને સુધારવાનું - સદ્‌માર્ગ દોરી જવાનું કાર્ય કર્યું હતું, રવિશંકર મહારાજની આભા એવી હતી કે ગુનેગારો પાસે પ્રાયશ્ચિત કરાવતા.

એક ગામમાં તેમની પાસે એક માણસ આવ્યો, અને તેમને પગે પડી રોઈ પડ્યો અને બોલ્યો, 'મહારાજ, હું અપરાધી છું. પડોશીને ઘેર દારૂની બોટલો મૂકીને મેં એને પકડાવી દીધો અને જેલમાં મોકલાવી દીધો છે, મને આ અપરાધ રાત-દિવસ ખટકે છે. ઊંઘ નથી આવતી. મારે શું કરવું??'

મહારાજે કહ્યું, 'પ્રાયશ્ચિત રૂપે તું પેલો જેલમાંથી છૂટે નહીં ત્યાં સુધી તેનું ઘર ચલાવ. અને તેના કુટુંબની સંપૂર્ણ જવાબદારી લે.' પેલાએ પ્રાયશ્ચિત માટે મહારાજના કહ્યા પ્રમાણે કર્યું. જયારે પેલો જેલમાંથી મુક્ત બની ઘેર આવ્યો ત્યારે તેનો પરમમિત્ર બની ગયો.

સાક્ષી મહારાજ : ભાજપ માટે ગળાની ફાંસ

ઉત્તરપ્રદેશની ચૂંટણી હવે પરાકાષ્ઠાએ પહોંચી છે તેમ એના સ્ટાર પ્રચારકો પણ બધી જ મર્યાદાઓ નેવે મૂકીને પોતાની પાર્ટીને વિજયી બનાવવાના નુસખા અપનાવી રહ્યા છે. કયારેક ઉત્તરપ્રદેશ કોંગ્રેસનો ગઢ હતો; સમય બદલાતાં અહીં ચૌધરી ચરણસિંહ જેવા મોટા ગજાના નેતાઓ ઉદય થયો જે હકીકતમાં પ્રાદેશિક નેતાગીરીના પ્રતીકપુરુષ હતા. એમના પગલે પગલે મુલાયમસિંહનું રાજકારણ શરૂ થયું જે આજપર્યંત પ્રભાવક રહ્યું છે, તો સામે પક્ષે દલિતોની રાજનીતિ શરૂ થઈ. કાંશીરામે સ્થાપેલી બહુજનસમાજ પાર્ટી વારંવાર સત્તાનો સ્વાદ ચાખી શકી અને આજે પણ માયાવતી કોઈ હાંસિયે ધકેલાઈ ગયેલાં નેતા નથી. એમને સમાજવાદી પાર્ટી સાથે સીધી ટક્કર રહેતી એમાં હવે ભાજપ નવા ખેલાડી તરીકે પૂરી તાકાત સાથે મેદાનમાં ઊતરતાં સમીકરણો ખોરવાઈ ગયા છે ભાજપ પાસે છેલ્લો હુકમનો એક્કો 'હિંદુત્વ'નો જ છે.

તંત્રીસ્થાનેથી...

આ વપરાઈ ગયેલો મુદ્દો વારંવાર વાપરવાની જરૂર પડે છે તે ભાજપના રાષ્ટ્રીય નેતૃત્વની મર્યાદા છે. વિકાસની રાજનીતિ કરતાં હવે હિંદુત્વના રથ પર સવાર થઈને જ લખનૌ સર કરી શકાશે, એવી પ્રતીતિ અનુભવી રહેલ ભાજપના મોવડી મંડળે યોગી આદિત્યનાથ જેવા કટ્ટર હિંદુ સાધુને અઘોષિત મુખ્યમંત્રીના ઉમેદવાર તરીકે જ પ્રોજેક્ટ કરી દીધા છે. સાક્ષી મહારાજ જેવા વાચાળ અને વિવાદાસ્પદ નેતાને રમતા મૂકી દઈ ભાજપે હિંદુ બહુમતીનું ધ્રુવીકરણ કરવાનો ઉપક્રમ અપનાવ્યો છે. સ્મશાન અને કબ્રસ્તાન જેવી માનવીના મૃત્યુ સાથે સંકળાયેલી બાબતો પણ વિવાદમાં ખેંચી લાવીને સાક્ષી મહારાજ માનવતાનાં પ્રસ્થાપિત મૂલ્યોનો ક્રૂર ઉપહાસ કરી શકે છે. સમાજવાદી પાર્ટીના તરવરિયા મુખ્યમંત્રી અખિલેશ યાદવ અને એમના મુસ્લિમોના મસીહા ગણાતા પિતા મુલાયમસિંહ સામે મોરચો માંડવા માટે એમણે મોદીએ કરેલ કોમેન્ટ પર પોતાનો ભિન્ન મત રજૂ કર્યો છે. મોદીએ ગામેગામ કબ્રસ્તાન માટે જમીન ફાળવાતી હોય તો સ્મશાન માટે પણ ફાળવવી જોઈએ અને સરકારી તિજોરીમાંથી અનુદાનો આપવા જોઈએ. એવી કોમેન્ટ કરી હોવાનું કહેવાય છે. આ પણ હિંદુત્વની જ રાજનીતિ હતી. સાક્ષી મહારાજે કબ્રસ્તાનનો જ છેદ ઉડાડવાની વાત કરીને મુસ્લિમ સમાજ પર ક્રૂર પ્રહાર કર્યા છે. કબ્રસ્તાન સંપૂર્ણપણે નાબૂદ કરવાની રજૂઆત હિંદુ સમાજને પણ ભાગ્યે જ ગળે ઉતરશે. હિંદુ સમાજમાં પણ દલિતો અને કેટલીક પછાત જાતિઓમાં દફનાવવાનો રિવાજ છે. વળી સાક્ષી મહારાજે તથાકથિત ક્રાંતિકારી નિવેદન કરીને સંતસમાજને પણ નારાજ કર્યો છે. રાજકીય હેતુઓ સિદ્ધ કરવા માટે ધર્મ-સંપ્રદાયો સાથે સંકયાલેલા બટકબોલા નેતાઓને સ્ટાર પ્રચારક બનાવી દેવાથી ઘણીવાર ફાયદાને બદલે નુકશાન થવાની સંભાવના રહેલી હોય છે. સાક્ષી મહારાજ હવે ભાજપ માટે ગળાનું હાડકું બની ગયા છે. તેઓ અસ્કામત મટીને જવાબદારી બની રહ્યા છે.

આજનો કોમન રોગ : ઈન્ફેક્શન

વસંતના પગરવ મંડાઈ ગયા છે. વસંતનો મિજાજ જ અલગ છે. પવનની દિશા બદલાઈ જાય. સવારે કૂણો તડકો હોય, જાત-ભાતના ફૂલો ખિલ્યા હોય, માર્કેટમાં મબલખ શાકભાજી અને ફળફળાદિ ઢગલામોઢે આવી પડયા હોય, બહાર ફરવા નિકળીએ તો પ્રકૃતિને માણવાનો ઓર આનન્દ આવે. પણ બહાર નિકળવામાં બે સર્વસામાન્ય પ્રોબ્લેમ નડે. એક તો એકઝામ. વસંતઋતુ એટલે બાળકોની પરિક્ષાની સિઝન. છોકરાવ અને માં-બાપ બધા ટેંશનમાં હોય ત્યારે ફરવાનું કોને યાદ આવે!! બીજો કોમન પ્રોબ્લેમ એટલે વસંતઋતુમાં થતા ઈન્ફેક્શન. જ્યારે પરિક્ષા હોય ત્યારે જ ઘરમાં કોઇ ને કોઇ શરદી-ઉધરસ-ગળું પકડાવુ કે તાવથી બીમાર હોય. આ સિઝનમાં સવારે ઠંડી અને બપોરે ગરમી વર્તાય, એટલે ઈન્ફેક્શન થવાની શક્યતા વધી જાય.

ઈન્ફેક્શન થવું એ આપણી ઈમ્યુનિટી પર આધારીત છે. આપણે બધા બે પ્રકારની ઈમ્યુનિટી ધરાવીએ છીએ. એક સહજ (નેચરલ) ઈમ્યુનિટી છે. આ ઈમ્યુનિટી આપણને આપણા માતા-પિતા તરફથી વારસામાં મળે છે. આપણે આપણી આસપાસમાં એવા ઘણા લોકો જોયા હશે જેઓ મનફાવે તેમ ખાયપીવે, ઉજાગરા કરે અને દોડાદોડી કરે તોયે તેઓને ક્યારેય તાવ ન આવે કે તેઓ માંદા ન પડે. આવી વ્યક્તિઓની નેચરલ ઈમ્યુનિટી વધુ હોય છે. બીજી પ્રકારની ઈમ્યુનિટી એટલે યુક્તિકૃત (એક્વાયર્ડ) ઈમ્યુનિટી. આ ઈમ્યુનિટી આહાર-વિહાર-ઔષધ તેમજ ઋતુ-કાલ આદિ દ્વારા વ્યક્તિમાં ડેવલપ થાય છે. આ એક્વાયર્ડ ઈમ્યુનિટીને વધારવી આપણા હાથમાં છે. એક્વાયર્ડ ઈમ્યુનિટી વધારીએ તો હાલતા-ચાલતા જે રોગ થાય છે એ ઘટી જાય. આ એક્વાયર્ડ ઈમ્યુનિટીને વધારવા માટે આહાર-વિહાર અને ઔષધ, ત્રણેય પર ફોકસ કરવું પડે.

આહાર : આપણી પ્રકૃતિને અનુકૂળ હોય તેવો જ આહાર લેવો. જેમકે, જો વારંવાર પિત્ત કે એસિડીટી થઈ જતી હોય તો લસણ, મરચાની બહું લાલચ રાખવી નહિં - આહાર સપ્રમાણ લેવો. અતિશય જમી લેવાથી પાચન તંત્ર મંદ પડે છે જે ઈમ્યુનિટી પર અસર કરે છે - પુરતા પ્રમાણમાં પાણી પીવું - સમયે સમયે સીઝનના ફળો પ્રમાણસર ખાવા (શરીરની પ્રકૃતિ અનુસાર) - મેંદો, ચીઝ, પનીર, વાયડા કઠોળ આદિ પચવામાં ભારે હોય તેવા ખોરાકથી દૂર રહેવું - જ્યારે માંદા પડયા હોઈએ ત્યારે ખૂબ ઓછું જમવું. મગનું પાણી, ગળેલી ખિચડી, બાફેલા શાક આદિ જેવો હળવો આહાર જ લેવો

વિહાર : નિયમિત સાત કલાકની ઉંઘ લેવી - શક્ય હોય ત્યાં સુધી સવારે વહેલા ઉઠવું અને બપોરે ન સુવું - નિયમિત કસરત, યોગ અને પ્રાણાયામ કરવા - રોજ થોડું ધ્યાન (મેડીટેશન) કરવું - સારા વાંચનની ટેવ રાખવી - વ્યસનો થી દૂર રહેવું ઔષધ: આયુર્વેદમાં અમુક એવા અદ્ભૂત ઔષધોનો ઉલ્લેખ છે કે જે ઈમ્યુનિટી વધારવા માટે ખૂબ કારગત છે. ગળો, આમળા, હળદર, કડું, કરિયાતું, તુલસી, જેઠીમધ, ભોયઆમળી, લીમડો, મેથી, આદિ અનેક ઔષધો છે કે જે ઈન્ફેક્શનને દૂર કરી આપણી ઈમ્યુનિટી વધારે છે. આમાના જે ઔષધો આપણા શરીરને અનુકૂળ આવે તેનો નિયત માત્રામાં નિયમિત ઉપયોગ કરવો.

- contact@atharvaayu.com

મનની મહેંકી ઉઠી મજંરી - આંબા ડાળે

ઘોર અંધકારમાં ધીરી ચાલે સંભાળીને પગલે પગલું મૂકતાં ચાલ્યા જતા હોઈએ અને મદમસ્ત સુગંધ અધિકારપૂર્વક નાસિકામાં પ્રવેશ કરી તનબદનમાં ધસમસતા વગેરે છવાઈ જાય ત્યારે અત્યાર સુધી નીચું રહેલું મસ્તક અચાનક ઉર્ધ્વ દિશાએ ભાળવા માંડે છે. આકાશમાં ગણ્યા ગણાય નહીં એટલા બધા તારા આપણને રોજેરોજ સાદ કરીને બોલાવે છે. પરંતુ તેઓ એટલા હળવા સાદે બોલાવે છે કે મોટાભાગના લોકોને તેમનો સૂર સહેજે સંભળાતો નથી. ઘણાને સંભળાય છે ખરો અને તારકો સાથે વાતો કરવી પણ ગમે છે. છતાં રસ્તામાં કયાંક ઠેસ વાગી ના જાય એ બીકે કોઈ ઊંચું જોતું નથી. પણ મનમોહક સુગંધના એકાએક થયેલા આક્રમણ સામે મનુષ્યને કશું સાનભાન રહેતું નથી અને એનાથી ઊંચું જોવાઈ જાય છે. જો વરણાંગી વસંતના વાયરા વાતા હોય તો નક્કી એ આંબાની મંજરીઓ હશે અને સોહામણી શરદ હોય તો નક્કી પારાજિતના ફૂલ પાગલની પેઠે ખીલ્યા હશે. ઉનાળામાં ગરમાળા અને ગુલમહોરના પુષ્પો લખલૂંટ વૈભવ દર્શાવે છે પણ સુવાસનો મુકાબલો કરવાનો થાય તો પારિજાત કે આંબાની મંજરીઓ સામે એની કોઈ વિસાત નથી. આ બંનેમાં પણ આમ્રમંજરીઓનું પલ્લું નમે કારણ કે પારિજાત તો કેવળ રાતની રાણી છે દિવસે એનું ઝાડવું બીજાં ઝાડવાં જેટલું જ સામાન્ય. જયારે આંબાનો મ્હોર તો રાતે ય મ્હેંકે અને દહાડેય એટલો જ રૂઆબથી મહેંકે એને પાછું ઋતુઓના રાજા વસંતનું પીઠબળ મળે છે. કવિવર શ્રી ઉમાશંકર જોષીએ ફાગણને ફાગણી કહીને એક સુંદર ગીત લખ્યું છે. એની થોડીક પંક્તિઓ તમને વાંચવી ગમશે. કારણ કે કવિ ફાગણને ફાગણી કહીને અટક્યા નથી, બલકે જોગણી ફાગણી બનાવી દીધી છે.

વિશ્વનો આનંદ ઢૂંઢણી જોગણી ફાગણી આવી.
કાને છે પ્હેરી મ્હેકતી મંજરી,
હાથે બજે છે માદક ખંજરી,
પગને ઠેકે ગાજે છે ઝાંઝરી,
બે ઘડી ખેલવા
માનવીનાં ઘેલાં હૈયાથી ખેલવા,
અમી છલકતી છાતડી લાવી,
ફાગણી આવી
ચાંદનીનો એનો અંચળો શોભન, ફાગણી આવી,
વિશ્વનો આનંદ ઢૂંઢતી જોગણ ફાગણી આવી

કવિએ ફાગણ મહિનાને નારીનું રૂપ આપી દીધું. એમાંય પાછી એ નારીને જોગણી બનાવી દીધી. એ નારી વળી વિશ્વના આનંદ ગોતવા નીકળી છે. એના અંગે ચાંદનીનો અંચળો શોભે છે. કાને મહેંકતી મંજરી પહેરી છે. એના હાથે બજતી ખંજરી આપણા કાનને સંભળાયા વગર રહેતી નથી. કવિ મ્હેંકતી મંજરી અને બજતી ખંજરીના પ્રાસનાદથી ના ધરાયા હોય એમ વધારામાં પગના ઠેકે ગાજતી ઝાંઝરીને પણ ઉમેરે છે પછીની પંક્તિઓ વાંચીને તો વાહ ભાઈ વાહ કહેવું જ પડે.

શુક્રવારે મહાશિવરાત્રી ગઈ, રવિવારે અમાસ ગઈ, અર્થાત્ સોમવારતી કાયદેસર ફાગણ માસનો પ્રારંભ થઈ ગયો. હજુ બેંડવાજાના સૂર (!) અને જાનૈયાઓના નૃત્ય (!) અટક્યા નથી પણ ભોજનમાં શીખંડ અને મુખવાસમાં આઈસ્ક્રીમ પીરસવા માંડ્યા છે. હજુ જો કે રાતની ઠંડકમાં ગરમાગરમ સૂપની ચૂસકીઓ લગાવવાની બધાને મજા પડે છે. તમે કહેશો આ ભાઈ હમણાં તો આમ્રમંજરીઓની મ્હેંકની પ્યાલીઓ પીવરાવતા હતા ત્યાં વચમાં ટામેટાના ઉનાલાહ્ય સૂપ કયાંથી લઈ આવ્યા? અરે, યાર, મનના ઉમંગોનું તો આવું જ ઠેકાણું, ગમે ત્યાં જઈ ચડે, લ્યો, ઉમાશંકરભાઈની બીજી સરસ કવિતાની થોડીક પંક્તિઓ કહું.

મનની મ્હેંકી ઊઠી મંજરી.

રવિવારે ભાનુભાઈ પુરાણીની અધ્યક્ષતા હેઠળ બરાબર એક વર્ષથી ચાલતી ત્રિદલ સંસ્થાના મુખપત્રની શરુઆત થઈ. એનું નામ પણ ત્રિદલ રાખ્યું છે. આ સાંભળતા જ અમારા જેવા અનેક નવલોહિયાના 'મનની મ્હેંકી ઊઠી મંજરી.' ઉક્ત બેઠકમાં ઘણા સભ્યોએ સ્વરચિત કવિતા વાંચી. બાબુભાઈ વણઝારાએ એમની કવિતામાં કેસૂડાને બદલે મહૂડાને મહેંકાવ્યો. ભાનુભાઈએ એની નોંધ લઈ કહ્યું કે મહૂડાની વાત વગર વસંતની વાત અધૂરી છે. મારા મનમાં પણ મહૂડાની ઘણીબધી વાતો છે. ખબર નહીં હું કયારે તમને કહેવાનો? આમ ને આમ વસંતો જતી રહેવાની. કદાચ ઉમાશંકરભાઈએ અમારા જેવાને ઉદ્દેશીને જ નીચેનું ગીત લખ્યું લાગે છે.

ગીત
હું તો આ રે આવી ને આ ચાલી,
વસન્ત હું લટકાળી.
ઘડી ભરી મેં ધરાની છાલ ખાલી,
સવન્ત હું લટકાળી.
પાનખરે મુજ પારણું, ગ્રીષ્મ મહીં મુજ અંત.
સૂકાંને ફળભર કરી મદભર હસું વસંતય
હું તો ઝાલી ન ઝલાતી રસપ્યાલી -
વસન્ત હું લટકાળી.

જે પોતાના માટે જીવે તેનું મરણ થાય છે, પણ જે બીજાના માટે જીવે છે તેનું સ્મરણ થાય છે

કેટલો ડૂમો ભરી આકાશ બેઠું એકલું,
કોઈ ના જાણી શક્યું એની વિગત વરસાદમાં.

- હરીશ વટાવવાળા

પિતાજીનું અકલ્પ્ય અવસાન!

ચીરનિંદ્રામાં પોઢેલા પિતાજીના નશ્વર દેહને ભારે હૈયે મુખાગ્નિ દીધો.

ગાત્રોમાથી જાણે ચેતના ભૂંસાઈ ગઈ... મન શોન્ય અને ડામાડોળ થયું... સગાં-સ્નેહી, પરિચિતોની આવન-જાવન... સઘળી ઉત્તરક્રિયાઓ પૂરી કરી... હવે અકથ્ય ખાલીપો મૂંજવે છે... પીડે છે... છતાં પણ... જીવનના સનાતન સત્યને સ્વીકાર્યે જ છૂટકો... મૃત્યુએ જીવનબોધ સમજાવ્યો.

વિશ્વાકમમાં ઉત્પત્તિ – સ્થિતિ અને લયની આવન જાવન... નામ તેનો નાશ... જન્મે તેનું મરણ સુનિશ્ચિત ઘટના છે... વ્યક્તિનો વિલય મૃત્યુમાં થાય... એ અ-પરિહાર્ય, ના નિવારી શકાય... ના ટાળી શકાય એવી સ્થિતિ... ધનંજયને મધુસૂદને ગીતામાં સ્પષ્ટ બોધેલુ કે મરણ અ-નિવાર્ય હોવાથી 'ન ત્વં શોચિતુ મર્હસિ' – એનો શોક યોગ્ય નથી.

જીવન ત્રણ અક્ષર, મરણ ત્રણ અક્ષર, સ્મશાન સાડા ત્રણ અક્ષર. આપણે ગમે તેટલી હડીયાપાટી કરીએ – દોડધામ કરીએ... અરે, સાતતાળી રમીએ કે સંતાકૂકડી રમીએ, કાં'તો ફેરફૂદડી ફર્યા કરીએ પણ છેવટે મૃત્યુના ખોળે જ વિરમવાનું!! કોઈની કાંધે કે શબવાહિનીમાં સ્મશાને પહોંચવાનું નક્કી જ છે. આખરી વિસામો અંતિમધામમાં જ લેવાનો.

સ્મશાનમાં બાંકડે બેઠા બેઠા સળગતા શબને નિહાળી ઘડીક મનમાં સ્મશાન વૈરાગ્ય જાગે પરંતુ મને તો ઊલટું જીવનનું મૂલ્ય વધુ સમજાયું! શાસ્ત્રો અને સંતોકથિત 'જીવન એટલે પ્રેમ અને કર્તવ્યની સરવાણી' – એ શીખ સહજ યાદ આવી ગઈ.

આપણને મનુષ્યદેહ મળ્યો અને જીવવાનો સમય મળ્યો તો જીવનને કઈ રીતે વધુ ને વધુ અર્થપૂર્ણ બનાવવું, જીવનને કઈ રીતે વધુ ને વધુ સમૃદ્ધ કરવું એ મહત્વની વાત છે. તેથી જ કહેવાય છે કે, 'આંખો બંધ થાય તે પહેલાં 'ઉઘડી' જાય તો આખો જન્મારો સુધરી જાય.'

ઘણીયે વાર એકલો એકલો વિચાર્યા કરું..... જીવનમાંથી એક એક દિવસ ઓછો થતો જાય છે. આ જગતમાં, સમાજમાં.... કુટુંબ પરિવારમાં સાથે રહેવાનો સમય ઘટતો જાય છે છતાં કેમ ભાવ – પ્રેમ વધતાં નથી?!! આપણી ચારેબાજુ નજર કરીએ તો કોઈ સ્પૃહાથી જીવે તો કોઈ સ્પર્ધાથી જીવે છે તો કોઈ ઈર્ષાથી જીવે તો કોઈ ભયથી જીવે છે... ખરેખર તો સંતોષ અને આનંદભર્યું જીવનારા કેટલા?!! આમ જોઈએ તો દિવસે દિવસે સાવ સહજ-હળવા થવાને બદલે ભારેખમ ને મીંઢા થતા જઈએ છીએ.... આ તે કઈ જીવન કહેવાય? આ તો આપણું નર્યું અજ્ઞાન જ છે. ચિતારી જવાળાઓએ મને ચિંતન કરતો કરી દીધો. જીવનનું આખરી સત્ય લાધ્યું.

મરણનું સ્મરણ સાચે જ જિંદગીની મહત્તા સમજાવી જાય છે. મરણ તો જીવન જેટલો... પ્રેમ જેટલો જ અંગત ને પવિત્ર તબક્કો છે. જીવનને માણવાનું છે તો મરણને પામવાનું હોય...

કાકા કાલેલકર મરણને પરમ સખા ગણાવે છે, રા.વિ. પાઠક મરણને માંગલ્ય લેખે છે. સુંદરજી બેટાઈ મરણને બંધુ – ભાઈ તરીકે સંબોધે છે. રવીન્દ્રનાથ ટાગોર તો લખે છે, 'મરણ રે તું હી મમ શ્યામ સમાન.' જે જીવનના મર્મને પામ્યા એ જ જીવનનો સાચુકલો અર્થ સમજ્યા છે. તેઓ જ અર્થની પાર રહી મોકળા મને જીવી જાણ્યું છે.

આમ તો પ્રત્યેકને એક અભરખો હોય છે, 'મને મારી રીતે જીવવા દો.' પરંતુ જીવન વિશેનું અકળ અજ્ઞાન માણસને પજવે છે પરિણામે સાચુકલું જીવન જીવવાને બદલે જીવવાના ચાળા કર્યે જઈએ છીએ. ખેર, મરણ એ તો મંગલ મહોત્સવ છે. જીવનની આખરી ફલશ્રુતિ છે. એટલે જ ઘાયલ સાહેબ લખે છે,

'કોણે કહ્યું ખાલી હાથે મરી જવાના,
દુનિયાથી દિલના ચારે છેડા ભરી જવાના.'

પિતાજીનું આમ અચાનક ચાલ્યા જવું.... પંડને પીડે છે.... માંહ્યલે ખાલીપો ખખડે છે. નર્યો શૂનકાર સર્જી દીધો... દેખીતી રીતે સર્વવાતે સંપન્ન ગણાતો 'હું' આજે સાવ ખાલી ખાલી છું!!! સાચે જ પિતાની હાજરી સૂરજ જેવી હોય છે. સૂરજ ગરમ જરૂર થાય છે પણ ના હોય તો અંધારું છવાઈ જાય છે એ વાત હવે સ્પષ્ટ સમજાય છે.... ખરેખર મરણ ન હોત તો જીવનનું મૂલ્ય પણ ન હોત. મરણ બધું જ લૂંટી શકે પણ પ્રિયજનનું સ્મરણ કદી ન લૂંટી શકે. એટલે જ સૌ કહે છે, મરણ કરતાં સ્મરણ બળવાન છે.

સ્પર્શમણિ

● જે પોતાના માટે જીવે તેનું મરણ થાય છે. પણ જે બીજાના માટે જીવે છે તેનું સ્મરણ થાય છે.

● વન અને રણ
એક લીલુંછમ અને બીજું કોરું કટ
અને એટલે જ
જી-વન અને મ-રણ

- Rasikvaland1965@gmail.com